
# ડીસાના લાટીબજાર વિસ્તારમાં બનતા રોડ કામમાં ગેરરીતિનો આક્ષેપ

ડીસા, તા. ૧૯

ડીસા શહેરમાં હાલ નગરપાલિકા દ્વારા વિવિધ માર્ગોનું નવીનીકરણ હાથ ધરાયું છે. જેના લીધે બજાર વિસ્તારમાં બનતા આર.સી.સી. માર્ગના કામમાં મોટાપાયે ગેરરીતિ આચરાતી રોડના કામમાં વ્યાપક પ્રમાણમાં ગેરરીતિ આચરાતી હોવાનો વેપારીઓએ મિડીયા સમક્ષ આક્ષેપ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે રોડના કામકાજ દરમ્યાન કોઈ કોન્ટ્રાક્ટર હાજર રહેતો નથી. સુપરવાઈઝર પણ દેખરેખ રાખતો મોટો ભ્રષ્ટાચાર થતો હોવાની રજુઆત આ વિસ્તારના લોકોમાં સાંભળવા મળી રહી છે. આ બાબતે મનોજભાઈ પટેલે જણાવ્યું હતું કે આ રોડનું કામકાજ એકદમ હલકી રીતે થઈ રહ્યું છે. કોન્ટ્રાક્ટર કે સુપરવાઈઝર આ તરફ ફરકતા નથી



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

હોવાની બુમારાડ ઉઠવા પામી છે. આ માર્ગમાં થતી ગેરરીતિ બાબતે વેપારીઓએ આક્રોશ વ્યક્ત કરી તપાસ હાથ ધરવાની માંગણી કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ડીસા શહેરના લાટીબજારથી હરીઓમ હાઈસ્કૂલ સુધી બનતા આરસીસી નથી. જેના કારણે રોડનું કામ માત્ર કડીયા અને મજૂરો પર છોડી દેવાયું છે. રોડનું લેવલ તેમજ ગુણવત્તા જળવાતી ન હોવાથી આ રોડ ટુંકા ગાળામાં જ તુટી જાય તેવી સંભાવના જોવા મળી રહી છે. અને મોટી રકમના કર્ચે પાસ થયેલ આ રોડમાં જેના કારણે મજૂરો મનફાવે તેમ રોડનું કામકાજ ચલાવી રહ્યા છે. ત્યારે આ બાબતે તંત્ર દ્વારા તપાસ હાથ ધરી જવાબદાર સામે પગલાં ભરવામાં આવે અને સારી ગુણવત્તાવાળો અને ટકાઉ રોડ બનાવવામાં આવે તેવી લોકમાંગ પ્રવર્તી રહી છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા શહેરમાં આવેલ સરકારી હોસ્પીટલમાં સેવામાં ધાંધિયા સર્જાઈ રહ્યા છે. સ્ટાફની લાપરવાહી ને કારણે દર્દીઓ ભારે હેરાન પરેશાન થઈ રહ્યા છે. દર્દીઓને સુવા માટે પુરતા બેડ ન હોવાથી મોટા ભાગના દર્દીઓને જમીન પર સુવું પડે છે. દર્દીઓને બાટલો ચડાવવા માટે નર્સ બહેન પાસે જવું પડે છે. અને ત્યાંથી ચાલુ બાટલાએ સુવા માટે ચાલતું જવું પડે છે. અને બાટલો દર્દીના સગાને પકડી રાખવો પડે છે. પથારી પાસે બાટલો લગાવવા માટે સ્ટેન્ડની પણ વ્યવસ્થા નથી જેના કારણે દર્દીઓને હાડમારી વેઠવી પડે છે.

# હિંમતનગરની દેનાબેંકના ક્ષેત્રિય કાર્યાલયમાં ચેકબુક અને ક્રેડીટ કાર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૧૯

દેનાબેંક ક્ષેત્રિય કાર્યાલય ગાંધીનગર દ્વારા તાજેતરમાં હિંમતનગર સ્થિત ડૉ. નલીનકાન્ત ગાંધી ટાઉનહોલમાં સંયુક્ત જવાબદારીવાળા જૂથોને ધિરાણ સખીમંડળોને ચેક બુકોનું વિતરણ તેમજ દેના કિશાન ક્રેડીટ કાર્ડ ધારકોને કાર્ડ વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અશ્વીનીકુમાર ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર, દેના બેન્ક ખાસ ઉપસ્થિત રહેનાર છે. આ મહાધિરાણ શિબિરમાં બે હજારથી વધુ લાભાર્થીઓ હાજર રહેવાના છે. આ કાર્યક્રમની વિશેષતા એ છે કે જે ખેડૂત ભાઈઓ ખેતીની જમીન ધરાવતા હોય પરંતુ લેન્ડ રેકોર્ડમાં વારસાઈ ન થઈ હોય અથવા જેટલા નામ હોય તે પૈકી અમુક સભ્યો બહારગામ રહેતા હોય તેવા કિસ્સામાં ખેડૂતોને ખેતીકામ માટે જૂથમાં ધિરાણ આપવાનો નવતર અભિગમ અમલમાં મુકવામાં આવ્યો છે. આવા જૂથના સભ્યોની અરસપરસની સંયુક્ત જવાબદારીથી ધિરાણ આપવામાં આવે છે. દેના બેન્ક દ્વારા આવા એક હજારથી વધુ જેટલા જૂથોને ધિરાણ મંજૂર કરવામાં આવેલ છે. જમીન વિહોણી બહેનો અને ભાઈઓના જૂથોને પશુપાલન માટે પણ ધિરાણ આપવામાં આવેલ છે. આ ઉપરાંત મોટી સંખ્યામાં સખી મંડળોની બહેનોને કેસ ક્રેડિટ મંજૂર કરવામાં આવેલ છે. આવા સખી મંડળોને ચેક બૂક વિતરણ કરવાનું પણ આયોજન કરવામાં આવેલ છે. આ સમારંભમાં ખેડૂતો માટે રૂપે કાર્ડનો પણ શુભારંભ કરવામાં આવનાર છે. રૂપે કાર્ડ દ્વારા ખેડૂતો એટીએમથી પૈસાનો ઉપાડ કરી શકશે અને ખરીદી માટે ઉપીયોગ કરી શકશે.

આ શિબિર શ્રી રવિકુમાર અરોરા, જિલ્લા વિકાસ અધિકારી, સાબરકાંઠા, શ્રી એચ. આર. દવે, ચીફ જનરલ મેનેજર, નાબાર્ડ, શ્રી સુરેશભાઈ પટેલ, જનરલ મેનેજર (ગુજરાત), દેના બેન્ક, શ્રી મહેન્દ્ર શાહ, રિજિયોનલ મેનેજર, દેના બેન્ક, ગાંધીનગર વિ. ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)



## નિલપુર ગામે આખરે તંત્રએ બિન અધિકૃત દબાણ પર બુલડોઝર ફેરવ્યું

દાંતીવાડા તાલુકાના નિલપુર ગામે જાહેર માર્ગ પર ઉભા કરવામાં આવેલ દબાણ સામે તંત્રએ લાલ આંખ કરી આખરે દબાણ પર બુલડોઝર ફેરવી નાખ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર દાંતીવાડા તાલુકાના નિલપુર ગામ તરફના માર્ગ પર હકમાજી સોનાજી માળી દ્વારા બિનઅધિકૃત રીતે આર.સી.સી. દિવાલ ઉભી કરવામાં આવી હતી. માર્ગમાં અડચણરૂપે બનેલા આ દબાણથી દરરોજ આવતા જતા રાહદારીઓ અને વાહનચાલકો પરેશાન થઈ ગયા હતા અને આ અંગે તંત્રને મૌખિક તેમજ લૈખિક રજૂઆત કરી હતી. જે મામલે આજે મામલતદાર ઓફિસના કર્મચારીઓ તેમજ આર.એન. બી. વિભાગના ડેપ્યુટી એન્જીનિયર પ્રજાપતિ, નવીનભાઈ પટેલ, પાથાવાડા પી.એસ.આઈ. એ. જે. દલસાણીયા અને જમાદાર જસુભાઈ દબાણ સ્થળે પહોંચ્યા હતા. અને બિન અધિકૃત રીતે જાહેર માર્ગ પર ઉભા કરવામાં આવેલ દબાણ પર બુલડોઝર ફેરવી નાખ્યું હતું. આખરે તંત્રએ સત્તાનો ચમકારો બતાવતા દબાણકારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## ઉમેરઠ નગરમાં સંદલ શરીફ મનાવાશે

ગાંધીનગર, તા. ૧૯

આણંદ જિલ્લાના ઉમરેઠ ખાતે હજરત સૈયદ અચ્છા દાદા (રે.અ.)નો સંદલ શરીફ જમાદીલ અવ્વલ ચાંદ-૯ને ૨૨ માર્ચ શુક્રવારના રોજ ભારે શાનો શૌકતથી મનાવવામાં આવશે.

ઉમરેઠ નગરમાં પીપળીયા ભાગોળ ખાતે આવેલ અલ્લાહ વલીના દરબારમાં આરા પાસના તમામ ગ્રામજનો હાજરી આપે છે. અને માનતા રાખે છે. માનતા રાખનારા ઘણા દંપતીઓને સંતાન પ્રાપ્તિ તયા છે. તેમજ કષ્ટદાયક દુઃખોથી રાહત મળે છે. તા. ૨૨ શુક્રવારે અસરની નમાઝ પઢી શમાનો પ્રોગ્રામ અને ઈશાની નમાઝ પછી રાત્રે ૧૦ વાગે સંદલ શરીફની રસ્મ અદા કરવામાં આવશે. બાદમાં નજરો ન્યાઝનું વિતરણ કરવામાં આવશે. તેમ આયોજકોએ જણાવ્યું હતું.

# પાલનપુર નગરપાલિકા વોર્ડ નં. ૧માં બનાવેલ નવિન માર્ગ તુટી જતાં લોકોમાં રોષ

પાલનપુર, તા. ૧૯

પાલનપુર નગરપાલિકાના વોર્ડ નં. ૧માં અઢી માસ અગાઉ પાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા સરકારી નાણાંના લાખો રૂપિયાના ખર્ચે જનતાને પડતી હાલાકીઓ દૂર કરવા માટે નવિન માર્ગ બનાવવામાં આવેલ. પરંતુ ખુબજ ટુંકી અવધીમાં આ રોડ બિસ્માર થઈ જતા પ્રજાજનનો ખુબજ હાલાકી ભોગવી રહ્યા છે.

પાલનપુર પાલિકા દ્વારા વોર્ડ નં.-૧માં અઢીમાસ અગાઉ નવિન માર્ગ બનાવવામાં આવવાથી સ્થાનિકોમાં ભારે ખુશી જોવા મળતી હતી, પરંતુ ઉપરોક્ત પાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા બનાવવામાં આવેલ નવિન માર્ગ તાજપુરાથી પ્રકાશનગર ઈલોરા પાર્ક થઈને માનસરોવર નીકળતો માર્ગને અઢી માસ જેટલો જ સમય થવા છતાં ત્યાં તો ઉપરોક્ત વિસ્તારમાં બનાવેલ નવિન માર્ગમાંથી કાંકરી નીકળી ખાડા પડી ગયા છે. મેટલ બહાર આવી ગયા છે. તેમજ માર્ગ મકાનના નિયમોનુસાર કામ ન થવાના કારણે તેમની હલકી ગુણવત્તાંનું મટીરીયલ્સ વાપરવાના કારણે ઉપરોક્ત માર્ગમાં ખાડા પડી



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

ગયા છે. માર્ગ મકાન વિભાગના અધિકારીઓએ તથા પાલિકાના બાંધકામ ચેરમેન ચીફ ઓફિસર પ્રમુખ ઉપપ્રમુખ તેમજ રાજ્ય સરકારના નાણાંનો દૂર ઉપયોગ કરનાર કોન્ટ્રાક્ટરના નવિન બનેલ માર્ગની ન્યાયીક તપાસ કરાવીને વાપરેલ મટીરીયલ્સનુ પંચનામુ કરવા તેમજ આ માર્ગનું રીનોવેશનનું કામ આજ કોન્ટ્રાક્ટર પાસે ફરીથી તેના સ્વખર્ચે કરાવવા સ્થાનિકોની ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# મહેસાણામાં સસ્તા અનાજની દુકાનોના સંચાલકો મોટા પાયે કાળ બજાર કરતા હોવાની વ્યાપક ફરિયાદ થતા લોકોમાં રોષ

મહેસાણા, તા. ૧૯

મહેસાણા જિલ્લામાં આવેલ કેટલીયે રેશનિંગની દુકાનોના સંચાલકો તેઓને ફળવાતો જરુરી આવશ્યક ચીજવસ્તુઓનો મોટાભાગનો જથ્થો બારોબાર કાળાબજારમાં વેચી દેતા હોવાની વ્યાપક બૂમરાણ ઉઠી છે.

મહેસાણા જિલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનો આવેલ છે. જેમાં કથિત ગેરરીતિઓ દ્વારા મોટું કૌભાંડ ચાલી રહ્યાનું ચર્ચાય છે. જિલ્લામાં અંત્યોદય, બી.પી.એલ તથા એ.પી.એલ. કાર્ડ ધારકોને દર મહિને સરકાર દ્વારા નિયત કરાયેલ ઘઉં, ચોખા, ખાંડનો જથ્થો તેમજ રાંધણ ગેસ ન ધરાવતા કાર્ડ ધારકોને કેરોસીનનું વિતરણ કરવાનું હોય છે. પરંતુ જિલ્લાના ઊંઝા, મહેસાણા, વિસનગર, બેચરાજી વગેરે તાલુકાઓમાં રેશનિંગની દુકાનાઓ ફળવાતો જીવન જરૂરિયાતની ચીજોનો મોટાભાગનો જથ્થો બારોબાર કાળા બજારમાં વેચાણ થતો હોવાનું કહેવાય છે. આવી સ્થિતિને લીધે જરુરતમંદ કાર્ડ ધારકોને જથ્થો મળતો નથી. કહે છે કે હવે તો કેટલોક જથ્થો ગોડાઉનો ઉપરથી બારોબાર ભરાઈને બજારોમાં જાય છે. કહે છે કે કેટલાક અસલ પરવાનેદારો દુકાનોનું જાતે સંચાલન કરતા નથી અને બીજા યા વચેટીયા કારોબાર સંભાળે છે. જિલ્લા અને તાલુકાઓના પુરવઠાતંત્રોના કેટલાક કહેવાતા ભ્રષ્ટ અધિકારીઓ અંતે હપ્તારૂપી સાંઠગાંઠને કારણે લોકોની રાડ ફરિયાદ બાબતે કોઈ અસરકારક પગલાં ભરાતાં નથી. પુરવઠાતંત્રના આવા ભ્રષ્ટ અધિકારીઓ ફરિયાદ સંદર્ભે તપાસના નામે નાટક કરે છે અને ભ્રષ્ટાચાર થકી સબસલામતના શેરા મારતા હોય છે. જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ પણ આંખ આડા કાન કરતા હોવાનું કહેવાય છે.

જિલ્લામાં મોટાભાગની રેશનિંગની દુકાનો નિયમિત ખુલ્લી રહેતી નથી. દર મહિને જયારે આવશ્યક જીવન જરૂરિયાતની ચીજોનો જથ્થો આવે છે ત્યારે ફકત એક બે વિતરણ કરાય છે. બાદ કાર્ડ ધારકોને ધક્કા ખાવા પડે છે. કહે છે કે રેશનિંગની દુકાનોને ફાળવાતા ઘઉં, ચોખા, ખાંડ, કેરોસીન જેવી ચીજોનો કેટલોય જથ્થો કાળા બજારમાં ધકેલાઈને ઉંચી કિંમતે વેચાય છે. બીજું મોટાભાગની રેશનીંગની દુકાનોએથી કાર્ડધારકોને બિલો આપવામાં આવતા નથી. ઉપરોકત બાબતે ઉચ્ચ કક્ષાએથી કાર્ડધારકોના કાર્ડની ઝીણવટભરી તપાસ કરાય તો જિલ્લામાં મોટું કૌભાંડ બહાર આવે તેમ છે. કહે છે કે ભૂતકાળમાં જેઓએ ગેરરિતીઓ કરેલ છે તેવા શખ્સો પરવાનાના આધારે રેશનિંગની દુકાનો ચલાવીને ગેરરીતિઓ આચરી રહ્યા છે.

જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનાના માલો રેશનિંગની દુકાનોમાંથી મળે છે જેમાં પણ ગેરરીતિઓ ચાલતી હોવાનું ચર્ચાય છે. શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો માટેની મધ્યાહન ભોજન યોજનાનો સાચા અર્થમાં લાભાર્થીઓને લાભ મળતો નથી અને સંચાલકો તથા વચેટીયાઓ માલ ખાઈ જાય છે તેવું સંભળાય છે.

## પ્રાંતિજના ખેતરોમાંથી કેબલ વાયર ચોરતી ગેંગ સક્રિય

પ્રાંતિજ, તા. ૧૯

પ્રાંતિજ નજીક આવેલા ચંચળબાનગર ખાતે તસ્કર ટોળકી ત્રાટકી હતી અને એક જ રાતમાં પાંચ થી વધુ બોરકુવા ઉપરથી કેબલવાયરો ચોરી તસ્કરો પલાયન થઈ ગયા હતા. ખેતરમાં આવેલ બોરકુવા પરથી કેબલ ચોરાઈ જતા ખેડૂતોમાં રોષ સાથે ભય વ્યાપ્યો છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ હાઈવે પાસે આવેલા ચંચળબાનગરની આસપાસ મનુભાઈ ચતુરભાઈ પટેલ, હિતેન્દ્ર ભીખાભાઈ પટેલ, જશુભાઈ ભીખાભાઈ પટેલ, ડૉ. એન.કે. ડેરીયા વગેરે ખેડૂતોના ખેતરો આવેલા છે. ગઈ રાત્રીના સુમારે કેબલવાયર ચોરી કરતી ટોળકી ત્રાટકીને આ ખેડૂતોના ખેતરના બોરકૂવા ઉપર આવેલ મોટરના કેબલ વાયર ચોરી કરી જતાં ખેડૂતોની ઊંઘ હરામ થઈ ગઈ છે.

થોડા સમય પહેલા કતપુર-મામરોલની સિમમાંથી કેબલ વાયરો ચોરાયાની ફરિયાદ ઉઠી હતી. કેબલ ચોરતી ગેંગને ઝડપથી પકડી પાડવામાં નહી આવે તો બીજા અનેક ખેડૂતોના ખેતરમાંથી વાયરો ચોરાતા વાર નહીં લાગે આથી ખેડૂતો ખેતરમાં પાકને પાણી વાળવા માટે જતાં પણ ડર અનુભવી રહ્યા છે. આ મામલે હજુ સુધી પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

## ડીસામાં ટ્રેક્ટર ચાલકે બ્રેક મારતા બાઈક ચાલકને ગંભીર ઈજા

ડીસા, તા. ૧૯

ડીસા શહેરના પાટણ હાઈ-વે પરથી પસાર થઈ રહેલા ટ્રેક્ટરના ચાલકે અચાનક બ્રેક મારતા પાછળ આવી રહેલ બાઈકચાલક ટ્રોલી પાછળ ઘુસી જતા તેને ગંભીર પ્રમાણમાં ઈજાઓ થવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ડીસા તાલુકાના જુનાડીસા ગામે રહેતા દિલીપભાઈ જયંતિભાઈ પ્રજાપતિ પોતાના બાઈક નં. જીજે-૮-એસ-૧૨૪૬ પર સવારે શુભમ પાર્ટી પ્લોટ આગળ પસાર થઈ રહ્યા હતા. બરોબર તેની આગળ માર્ગ પર ફર્નિચર ભરીને જતા ટ્રેક્ટર જે.જે.-૨૪-બી-૧૨૨૬ ના ચાલકે અચાનક જ બ્રેક મારતા પાછળ આવી રહેલું બાઈક ટ્રોલીની પાછળ ઘુસી જતા દિલીપભાઈ પ્રજાપતિને ગંભીર પ્રમાણમાં ઈજાઓ થવા પામી હતી. માર્ગ પર પટકાયેલ દિલીપભાઈ પ્રજાપતિને ૧૦૮ દ્વારા ડીસાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં બાઈક પાછળ બેઠેલ વ્યક્તિઓને પણ મોટી ઈજાઓ થવા પામી હતી.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો રૂમ બંધ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧